# ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા પોલીટેકનીક કક્ષાના અભ્યાસક્રમો

| અ. નં. | ડીપ્લોમા અભ્યાસક્રમ | યુનિવર્સિટીનું નામ | કોલેજનું નામ | પ્રવેશ ક્ષમતા | પ્રવેશ લાયકાત |
|---|---|---|---|---|---|
| ૧ | એગ્રીકલ્ચર (૬ સેમેસ્ટર ૩ વર્ષ) | જૂનાગઢ કૃષિ યનિવર્સિટી, જૂનાગઢ | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, ધારી | ૪૦ | • પ્રવેશ માટે અરજદારે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ GSEB અથવા માન્યતા પ્રાપ્ત બોર્ડ જેવા કે સેન્ટ્રલ બોર્ડ CBSE બોર્ડ, કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કુલ ઓફ સર્ટીફીકેટ એકઝામીનેશન બોર્ડ, નવી દિલ્હી, નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલીંગ, આંતરરાષ્ટ્રીય શાળા, મહારાષ્ટ્ર રાજય શિક્ષણ બોર્ડ, દ્વારા લેવાયેલ ધોરણ–૧૦ની પરીક્ષા ગુજરાતી / પ્રાદેશિક ભાષા, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજીક વિજ્ઞાન, સમાજ વિદ્યા અને અંગ્રેજી વિષયો સાથે ગુજરાત રાજયમાં આવેલ શાળામાંથી અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોય તો જ પ્રવેશ મળવાપાત્ર છે. |
| | | | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, સીદસર | ૩૦ | |
| | | | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, હળવદ | ૩૦ | |
| | | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, આણંદ | ૪૦ | |
| | | | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, વસો | ૪૦ | |
| | | સરદારકૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, ડીસા | ૪૦ | |
| | | | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, ખેડબ્રહમા | ૪૦ | |
| | | | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, અમીરગઢ | ૪૦ | |
| | | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, ભરૂચ | ૪૦ | |
| | | | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, વ્યારા | ૪૦ | |
| | | | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, વઘઈ | ૪૦ | |
| ૨ | હોર્ટીકલ્ચર (૬ સેમેસ્ટર ૩ વર્ષ) | જૂનાગઢ કૃષિ યનિવર્સિટી, જૂનાગઢ | પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર, જૂનાગઢ | ૪૦ | |
| | | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર, વડોદરા | ૪૦ | |
| | | સરદારકૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર, જગુદણ | ૪૦ | |
| | | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર, નવસારી | ૪૦ | |
| | | | પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર, પરીયા | ૪૦ | |
| ૩ | એગ્રી. એન્જી. (૬ સેમેસ્ટર ૩ વર્ષ) | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | પોલીટેકનીક ઈન એગ્રી. એન્જી., દાહોદ | ૪૦ | |
| | | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | પોલીટેકનીક ઈન એગ્રી. એન્જી., ડેડીયાપાડા | ૪૦ | |
| | | જૂનાગઢ કૃષિ યનિવર્સિટી, જૂનાગઢ | પોલીટેકનીક ઈન એગ્રી. એન્જી., તરઘડીયા | ૪૦ | |
| ૪ | એગ્રો પ્રોસેસીંગ (૬ સેમેસ્ટર ૩ વર્ષ) | જૂનાગઢ કૃષિ યનિવર્સિટી, જૂનાગઢ | પોલીટેકનીક ઈન એગ્રોપ્રોસેસીંગ, જૂનાગઢ | ૪૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | ન્યુટ્રીશન એન્ડ ડાયેટેટીકસ (૬ સેમેસ્ટર ૩ વર્ષ) | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | ફુડ સાયન્સ એન્ડ હોમ ઈકોનોમીકસ પોલીટેકનીક, આણંદ | ૪૦ | |
| ૬ | પશુપાલન (૬ સેમેસ્ટર ૩ વર્ષ) | જૂનાગઢ કૃષિ યનિવર્સિટી, જૂનાગઢ | પોલીટ્રેકનીક ઈન એનીમલ હસબન્ડરી, જૂનાગઢ | ૪૦ | |
| | | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | પોલીટ્રેકનીક ઈન એનીમલ હસબન્ડરી, નવસારી | ૪૦ | |
| | | સરદારકૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી., સરદારકૃષિનગર | પોલીટ્રેકનીક ઈન એનીમલ હસબન્ડરી, સ.કૃ.નગર | ૪૦ | |

- **પોલીટેકનીક** ડીપ્લોમા અભ્યાસક્રમો માટે ધો.–૧૦ નું પરીણામ જાહેર થયા બાદ કૃષિ યુનિવસિટીઓની કોમન પ્રવેશની વેબ સાઈટ http://gsauca.in OR http://poly.gsauca.in પર તથા ગુજરાતી દૈનિક પત્રોમાં તેમજ ગુજરાતની ચારેય કૃષિ યુનિવર્સિટીઓની વેબ સાઈટ www.jau.in, www.aau.in, www.nau.in તથા www.sdau.edu.in પર પ્રવેશ અંગેની જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે. ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા તમામ પોલીટેકનીક ડીપ્લોમા અભ્યાસક્રમો માટે ઓન લાઈન પ્રવેશ પધ્ધતિથી એક જ પ્રવેશ ફોર્મ ભરવાનુ રહે છે.
- ઉપરોકત પોલીટેકનીક ડીપ્લોમા અભ્યાસક્રમોમાં કેન્દ્રિય ધોરણે પ્રવેશ આપવામાં આવે છે, તેથી મેરીટક્રમ મુજબ ગુજરાતની જે તે કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા ડીપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મળવા પાત્ર છે.
- દરેક પોલીટેકનીકની પ્રવેશ ક્ષમતા ૪૦ બેઠક રાખવામાં આવેલ છે. તથા અભ્યાસક્રમનો સમયગાળો ૩ વર્ષ હોય છે.
- ઉપરોકત અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે અરજદારે GSEB અથવા CBSE બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ–૧૦ની પરીક્ષા ગુજરાત રાજયમાં આવેલ શાળામાંથી પાસ કરેલ હોય તો જ પ્રવેશ મળવાપાત્ર છે.

**અભ્યાસક્રમોને લગતી અગત્યની બાબતો નીચે મુજબ છે.**

૧. તમામ પોલીટેકનીક ડિપ્લોમા અભ્યાસક્રમો અંગ્રેજી માધ્યમમાં ચલાવવામાં આવે છે.

૨. પ્રવેશ માટે ગુજરાત સરકારના ધારાધોરણો મુજબ પ્રવેશની લઘુતમ લાયકાત તથા અનામત બેઠકો રાખવામાં આવે છે.

૩. પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર તથા પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર કોર્ષમાં ખેડૂતપુત્રો/પુત્રીઓને વધારાના ૫ ટકા ગુણભાર આપવામાં આવે છે.

૪. તમામ અભ્યાસક્રમોમાં કન્યાઓને ટયુશન ફી તથા હોસ્ટેલ ફી માંથી મુકિત આપવામાં આવે છે.

૬. ઉપરોકત દરેક અભ્યાક્રમોમાં હોસ્ટેલમાં રહેવુ ફરજીયાત છે. દરેક પોલીટેકનીક માટે સંપૂર્ણ સુવિધાયુકત હોસ્ટેલ ઉપલબ્ધ છે. હોસ્ટેલ મેનેજમેન્ટ માટે રેકટરની સીધી દેખરેખ હેઠળ ભોજનાલયની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

૭. સંપૂર્ણ સુવિધાયુકત યુનિવર્સિટી લાઈબ્રેરી જૂનાગઢ કેન્દ્ર ખાતે આવેલ છે. જેમાં દરેક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને અભ્યાસમાં જરૂરી એવા પુસ્તકો, સામિયકો ઉપલબ્ધ છે. આ ઉપરાંત ઈન્ટરનેટ ફેસેલીટી સાથેની ઈ–લાઈબ્રેરી તથા લેંગ્વેજ લેબ ઉપલબ્ધ છે.

૮. વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થય માટે વિશાળ સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવામાં આવેલ છે. જેમાં ક્રિકેટ ગ્રાઉન્ડ, વોલીબોલ ગ્રાઉન્ડ, ખોખો ગ્રાઉન્ડ, બાસ્કેટબોલ ગ્રાઉન્ડ, જીમ્નેશીયમ, ટેબલ ટેનીસ અને બેડમીન્ટન કોર્ટ તથા ઈન્ડોર ગેઈમ્સ માટે પણ પુરતી સુવિધાઓ ઉપલબ્ધ છે.આવી રમતોમાં આંતર યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધાઓ યોજવામાં આવે છે. આ ઉપરાંત એનએસએસ યુનિટો દ્વારા વિદ્યાર્થીઓમાં સેવા, સમર્પણ અને રાષ્ટ્ર ભાવનાનુ ઘડતર કરવામાં આવે છે.

૯. સાંસ્કૃતિક કાર્યક્રમો, વકૃત્વ સ્પઘાઓ કે અન્ય સમારંભો માટે સંપુર્ણ સુવિધાયુકત ઓડીટોરીયમ ઉપલબ્ધ છે.

**<u>ફી અંગેની વિગત :</u>**

ચારેય કૃષિ યુનિવર્સિટીમાં ચાલતાં પોલીટેકનીક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ સમયે પ્રથમ સેમેસ્ટરની ભરવાની થતી ફીની વિગત નીચે પ્રમાણે છે. જેમાં પ્રવેશ સમયે ભરવાની થતી તમામ પ્રકારની ડીપોઝીટ તથા કોશનમની વગેરેનો પણ સમાવેશ થઈ જાય છે.

| ક્રમ | ડીપ્લોમા કોર્ષ | કુમાર માટે | કન્યા માટે |
|---|---|---|---|
| ૧ | **તમામ પોલીટેકનીક કોર્ષ** | ૧૦૧૦ ₹ | ૭૬૦ ₹ |